યાદી નં-૪

# મેમોરેંડમ ઓફ એશોસીએશન

સંસ્થાનું નામ:- "શ્રી આદિશંકરાચાર્ય નિરાંત ભવન મંડળ" ભરકુંડા,

કાર્યાલયનું સ્થળ:- મુ:- ભરકુંડા, (અછાલા) c/o પન્નાભાઈ જલાયાભાઈ નાયક તા:-જિ:-છોટાઉદેપુર, બહુમતિથી તેમાં ફેરફાર લાવી શકશે, કે શાખાઓ ખોલી શકશે;

કાર્યક્ષેત્ર:- ગુજરાત રાજ્યની સાથે સમગ્ર ભારત દેશ રહેશે;

સાર્વજનિક ટ્રસ્ટના હેતુઓ :- આમ જનતાનાં હિત માટે નાત, જાત, ધર્મ,ભાષા,કે પ્રાંતના ભેદભાવ શિવાય સાર્વજનિક સુખાકારી તથા વ્યક્તિઓના સુખ શાંતિ તથા ઉન્નતિ માટે, અને ગ્રામ્ય વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવી. જેવીકે,


નકલ માટે અરજી કરનારનું નામ : ગીરીશ નાયક : અધિક્ષક
નકલ અરજી મળ્યાની તારીખ : અધિક્ષક
નકલ તૈયાર કર્યા તારીખ : અધિક્ષક
નકલ આપ્યા તારીખ : અધિક્ષક
જેને નકલ આપવામાં આવી હોય તેનું નામ : ગીરીશ નાયક
અધિક્ષક


૧. શૈક્ષણિક :-

શૈક્ષણિક હેતુસર પ્રાથમિક અને ઉચ્ચત્તર શાળા, મહાશાળાઓ, મહાવિધાલયો, કોલેજો, ગ્રંથાલયો, અને તેને લગતી અન્ય સંસ્થાઓ સ્થાપવી અને તેને નિભાવવી, ચલાવવી, અને તેવી પ્રવૃત્તિઓને મદદ કરવી, તથા માનશિક, શારિરીક, સાંસ્કૃતિક, સ્વરોજગારલક્ષી, મેડિકલ, કોમ્પ્યુટર, વૈજ્ઞાનિક, ખેતિવિષયક કેળવણી આપવી અને તેનો ફેલાવો કરવો, આ માટે જરુરી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા, ચલાવવા, નિભાવવા, અને વિધાર્થિઓ તથા યુવાનોને તેમના વ્યક્તિત્વ વીકાસ, અને કારકિર્દી વિકાશ માટે માર્ગદર્શન આપશે; ન નફો ન નુકશાનના ધોરણે કાર્ય કરશે.

નાયક ગીરીશકુમાર વાનકાભાઈ
તા. ૨૦/૭/૨૦૧૮

૨. શિષ્યવૃત્તિ:-

જરુરિયાત વાળા અને તેજસ્વી વિધાર્થિઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તે માટે તેઓને સહાયરુપ થવા માટે સ્કોલરશિપ,પુસ્તકો અને નોટબુકો, છાત્રાલયોની મફત સગવડો, પુસ્તકાલયો, લાઇબ્રેરી, પુસ્તકાલયો અને વાચનાલયોની વ્યવસ્થા કરવી તથા તેનું સંચાલન અને વહિવટ કરવો;


નકલ ખર્ચ રૂ. ૧૬
મુકાબલ ખર્ચ રૂ. -
કાગળ ખર્ચ રૂ. -


૩. આરોગ્ય :-

શારિરીક પીડાઓ દુર કરવા માટેની તમામ સુવિધાઓ પુરી પાડવાની પ્રવૃત્તિઓ કરવી, તથા તે અંગે પ્રોત્સાહન આપવું, તથા સહાયરુપ થવું. દર્દીઓને દવાઓ તથા જરુરી તબીબી સાધનો પુરા પાડવા લોકોને આરોગ્ય વિષયક પ્રાથમિક સારવારની જાણકારી આપી તે અંગે જાગૃતતા લાવવી, આયુર્વેદિક, હોમિયોપેથિક, એલોપેથિક, અને વિવિધ વૈકલ્પિક પધ્ધતિઓ તથા હોસ્પિટલોની સુવિધાઓ સ્થાપવી, અને નિભાવવા બ્લડ ડોનેશનો એમ્બ્યુલંશ સેવાઓ અને અન્ય સુવિધાઓ નજીકમાં ઉપલબ્ધ કરી સહાય કરવી, મેડિકલ ચેકઅપ, રોગનિદાન કેમ્પો વગેરેનું આયોજન કરવું, ચાઇલ્ડકેર, હેલ્થકેર, હેન્ડિકેપ, કે બ્લાઇંડકેર સંબંધિત પ્રવૃતિઓ કરશે, અને તેને આનુશંગિક પ્રવૃતિઓ હાથ ધરશે, નવજાત શિશુ તથા પ્રેગનંસ મહિલાઓના સ્વાસ્થ્ય રક્ષણ માટે તબીબી મદદ, માહિતી વિષયક સહાયક પ્રવૃતિઓનું આયોજન કરશે; ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા

Scanned with OKEN Scanner

અભિયાનો તેમજ તે અંગેના કાર્યો હાથ ધરવા, ગરિબો માટે જરૂરી અન્ય સ્વાસ્થ્ય અને સ્વચ્છતા સંબંધી સગવડો ઉભી કરવી;

સત્યમેવ જયતે
અધ્યક્ષ ચેરીટી કમિશનર
છોટાઉદેપુર, છોટાઉદેપુર

૪. <u>સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ</u> :-

યુવાવર્ગો રાષ્ટ્રનિર્માણની પ્રવૃતીઓમાં રસ લે, અને તેઓમાં રાષ્ટ્રિયતા અને નૈતિકતાની ભાવનાનો વિકાશ થાય, તે માટે શિબીરોનું આયોજન કરવું, સાંસ્કૃતિક અને બિન સાંપ્રદાયિક પ્રવૃતિઓ હાથ ધરવી તેમજ તેનો પ્રસાર કરવો, અને આવી રાષ્ટ્રનિર્માણની પ્રવૃત્તિઓને મદદરૂપ થવું. ભારતની પ્રાચિન સંસ્કૃતિનો ભવ્ય વાર્સો જળવાઇ રહે તેવા પ્રયત્નો કરવા અને તેનો પ્રચાર અને પ્રસાર કરવો, તે માટે તમામ પ્રયત્નો હાથ ધરવા, પરંપરાગત લોકનૃત્યો, વાધ ગ્રામિણ તેમજ શહેરી સંગિત, તથા કલાના વારસાનો પ્રચાર અને પ્રસાર કરવો;

૫. <u>સમાજસેવા</u>:-

અ. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતિકંપ, રોગચાળો જેવા કુદરતિ કે માનવ સર્જિત આફતો સમયે માનવ અસરગ્રસ્તોને જેતે સ્વરૂપે મદદ કરવી;

બ. અનાથ અને નિરાધાર બાળકો તથા વૃધ્ધો માટે અનાથાશ્રમો અને વૃધ્ધાશ્રમો શરૂ કરવા,

૬. <u>યુવા સમૃધ્ધિ</u> :-

ભારત દેશના બાળકો અને યુવાનોનો યોગ્ય શારિરીક અને માનશિક વિકાસ સુદ્રઢ બનાવવા અને જવાબદાર નાગરિક બને, તે હેતુને કેંદ્રમાં રાખીને વ્યાયામ પ્રવૃત્તિ, વિવિધ આઉટડોર, ઇનડોર રમતોનો તેમજ પ્રાચિન અને પરંપરાગત રમતોનો વિકાશ કરવો તેમજ પ્રચાર અને પ્રસાર કરવો; વિવિધ આઉટડોર અને ઇનડોર રમતોનું પ્રશિક્ષણ આપવું, તેમજ તે માટે બાળ રમતવિરો તથા યુવા રમતવિરોને પુરતું શારિરિક પોષણ મળે તેવો ખોરાક તથા બીજી જરૂરી સગવડો તેમજ સુવિધાઓ મળી રહે તે અર્થે યુવા-બાળ રમતવિરોને સાધનિક વ્યવસ્થા કરવી,

૭. <u>પર્યાવરણ વિષયક</u> :-

યુવાનોમાં પર્યાવરણ રક્ષણ માટે જાગૃતતા લાવવી, વૃક્ષારોપણ, માટેના પ્રયત્નો કરવા પ્રદુષણથી થતા નુકશાન અંગે અભ્યાસ કરવો, અને તે અંગે જાગૃતતા લાવવા પયત્નો કરવા, પ્રાણિઓ અને પશુ પંક્ષીઓને મદદ કરવી જીવહીંશા ન કરવી, તેમજ કેટલ કેમ્પો, તેમજ ઘાસચારો રાખવા અને તેને લગતી પ્રવૃત્તિઓ ચલાવવી, પૃથ્વીને પ્રર્યાવરણમાં ફેલાતા પ્રદુષણથી મુક્ત રાખવાના હેતુથી વિવિધ અભ્યાસો શોધ-સંશોધનો હાથ ધરવા, નિર્ધુમચુલા, વૃક્ષઉછેર કેંદ્રની સ્થાપના કરવી;

૮. <u>જીવદયાના કાર્યો</u> :-

મુંગા પશુ, પાલક જાનવરો, પક્ષીઓ, ઉપર દયાભાવ રાખવા અંગે સમાજમાં જીવદયાનાં કાર્યો કરી તે અંગે સમજણ ઉભી કરવી, તેઓનું રક્ષણ કરવું અને તેઓનુ જતન કરવા પક્ષીઘર, ચબુતરા, ગૌશાળા, વગેરેની વ્યવસ્થાઓ કરવી અને નિભાવવી અને વહિવટ કરવો;

૯. <u>ગ્રામિણ વિકાશ</u>:-

આદિવાસી અને પછાત વિસ્તારોનાં ગામડાઓમાં પ્રાથમિક જરુરિયાત જેવીકે; પીવાના પાણી, વિજળી, રસ્તાઓ, ખેતિઆધારિત ચિજવસ્તુઓ સુલભ્ય રહે તેવા પ્રયત્નો કરી તેવા એકમો સ્થાપવા

Scanned with OKEN Scanner

સારૂ ઉત્પાદન મળે તેવા બિજ, દવા, તેમજ ઓજારો પ્રાપ્ય થાય તેવા પ્રયત્નો કરી પુરા પાડવા અથવા ક્યાંથી અને કયારે મળી રહે, તે વિગેરેની માર્ગદર્શિકા બહાર પાડવી, અને તેવા કેંદ્રો ઉભા કરવા, ઘરે બેઠાશાકભાજી કે ફળ-ફળાદી ના ઉત્પાદન માટે તાલીમો આપવી, પછાત વિસ્તારોના હેન્ડ પંપ, કુવા, તળાવો, ડેમોની જરૂરિયાત મુજબ રિનોવેશનના કાર્યો કરવા,

ગામડાઓની પ્રજામાં સમુહ લગ્નોની સમજ આપી સમુહલગ્નો કરાવવાના કાર્યો કરવા, અને સમાજમાં પ્રવર્તતા કુરિવાજો, અંધશ્રધ્ધા, વહેમ જેવા વિચારોને અલવિદા આપવાની નાટકો દવારા સાચી શીખ, આપવા જેવા કાર્યો કરવા,

૧૦ સહાય :-

" શ્રી આદિશંકરાચાર્ય નિરાંત ભવન મંડળ " ભરકુંડામાં તમામ જાતિનાં જોડાયેલા સભાસદો ટ્રસ્ટી બની શકશે. તેમજ ભવિષ્યમાં ટ્રસ્ટને સહાય મળતી હોય તે સહાય ટ્રસ્ટ ~~તમામ~~ને ફાળે જશે; ~~તેમજ ટ્રસ્ટમાં જોડાયેલા તમામ સભાસદને આકસ્મિક કારણ બનતાં જે તે આવી સહાય સભાસદને ટ્રસ્ટ કરશે.~~

નાયકા ગીરીશકુમાર નાનકાભાઈ
11-20/7/2018

૧૧ વ્યવસ્થાપક સમિતિ નીમણુંક:- આ સંસ્થાની કાર્યવાહી કરવાના શુભ આશયથી નીચે જણાવેલ નામ સરનામાં વાળી વ્યાક્તિની નિમણુંક વ્યવસ્થાપક સમિતિમાં કરી છે. તેઓ પ્રથમ વ્યવસ્થાપક સમિતિ ઓળખાશે;

| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| ૧ | શ્રી ગીરીશકુમાર નાનકાભાઇ નાયકા | મું. ભરકુંડા, (અછાલા) તા, જિ.છોટાઉદેપુર |
| ૨ | શ્રી શકાભાઇ નાયકાભાઇ રાઠવા | ૧, તળવલું ફળીયું, મુ.ખોડવાણીયા તા. , જિ.છોટાઉદેપુર |
| ૩ | શ્રી કંચનભાઇ ભીખાભાઇ રાઠવા | ૪, ઠે. તળાવ ફળીયું, મું:- ખોડવાણીયા તા. જિ.છોટાઉદેપુર |
| ૪ | શ્રી અજયકુમાર રમેશભાઇ નાયકા | મું. ખજુરીયા પો:- પુનિયાવાંટ તા, જિ.છોટાઉદેપુર |
| ૫ | શ્રીમતિ સુમાબેન ગીરીશકુમાર નાયક | ૧૭૯, મુ. ભરકુંડા (અછાલા) તા, જિ.છોટાઉદેપુર |
| ૬ | શ્રીમતિ જશીબેન ચીમાભાઇ નાયકા | ૧૭૯, મુ. ભરકુંડા, (અછાલા) તા, જિ.છોટાઉદેપુર |
| ૭ | શ્રી ફુલીયાભાઇ દેસીંગભાઇ રાઠવા | ૧૬, જામરણફળીયા મુ. બરોજ તા. જિ.છોટાઉદેપુર |
| ૮ | શ્રી દિનેશભાઇ રામસીંગભાઇ નાયકા | ૧૧૩, બોરવાડા ફળીયુ મુંજ. ઝીંઝરવાણી, તા:- જિ:- છોટાઉદેપુર |
| ૯ | શ્રીમતિ સોનલબેન બાબુભાઇ નાયકા | ૧૬૭, નિશાળવાળું ફળીયું, મુ. મંડલવા, તા:- જિ:- છોટાઉદેપુર |

Scanned with OKEN Scanner

મદદનીશ ચેરીટી કમિશ્નર, છોટાઉદેપુર પ્રદેશ, છોટાઉદેપુર
સત્યમેવ જયતે

| | | |
|---|---|---|
| ૧૦. | શ્રીમતિ માહલીબેન કુલીયાભાઇ રાઠવા | ૧૬, જામરણ ફળીયા, મુ. બરોજ, તા:- જિ:-છોટાઉદેપુર |
| ૧૧, | શ્રીમતિ અમિતાબેન વજેસીંગભાઇ નાયક | ૧૬૬, દુકાન ફળીયા મું. ફાંગીયા, તા:-દેવગઢબારિયા, જિ.પંચમહાલ |

તા:-૭/૩ /૨૦૧૮
મુ:- ભરકુંડા,

શ્રી ગીરીશાકુમાર નાનકાભાઇ નાયકા

શ્રી શકાભાઇ [illegible] રાઠવા

શ્રી કંચનભાઇ ભીખાભાઇ રાઠવા

શ્રી અજયકુમાર રમેશભાઇ નાયકા

સુમાબેન

શ્રીમતિ સુમાબેન ગીરીશભાઇ નાયક

શ્રીમતિ જશીબેન ચીમાભાઇ નાયકા

શ્રી કુલીયાભાઇ દેસીંગભાઇ રાઠવા

શ્રી દિનેશભાઇ રામસીંગભાઇ નાયકા

શ્રીમતિ સોનલબેન બાબુભાઇ નાયકા

શ્રીમતિ માહલીબેન કુલીયાભાઇ રાઠવા

શ્રીમતિ અમિતાબેન વજેસીંગભાઇ નાયક

Scanned with OKEN Scanner

આંક નં.: ૫૧
ઇન્વર્ડ નં.: ૨૫૮
૧૩।૭।૧૮

યાદી નં-૫

# ધારા ધોરણ

**સંસ્થાનું નામ:-** આ સંસ્થાનુ નામ " શ્રી આદિશંકરાચાર્ય નિરાંત ભવન મંડળ"
મુ:- ભરકુંડા, (અછાલા) તા:- જિ:- છોટાઉદેપુર,
C/o વજ્લાભાઈ જ્લાયાભાઈ નાયક

**કાર્યાલય:-** હાલ- શ્રી પ્રમુખ ના નિવાશે મુ:- ભરકુંડા, (અછાલા)
જિ:- છોટાઉદેપુર,

**કાર્યક્ષેત્ર:-** સમગ્ર ભારત દેશ રહેશે;

**૧.સભ્યપદ:-** આ સંસ્થાના હેતુઓમાં સક્રિય રસ ધરાવનારાઓ કોઇપણ પુખ્ત ઉંમરની વ્યકિત સંસ્થાનાં ધારાધોરણ અને નિતિનિયમો સ્વિકારીને નિયત ફિ ભરીને સભ્યપદ મેળવવા માંગણી કરી શકશે, પરંતું આવી કોઇપણ અરજીઓ કોઇપણ કારણ આપ્યા વિના સ્વિકાર અથવા અસ્વિકાર કરવાની સત્તા વ્યવસ્થાપક સમિતિને રહેશે, અને તેના માટે કોઇ કારણ આપવાની જરુરિયાત રહેશે નહીં;

અ. ત્રીવાર્ષિક સભ્ય – સંસ્થામાં સભ્ય ફી રૂ| ૧૦૦૦/- જમા કરાવી ત્રિવાર્ષિક સભ્ય બની શકશે.
બ. વાર્ષિક સભ્ય:- સંસ્થામાં સભ્યફી રૂ| ૧૦૦/- જમા કરાવી વાર્ષિકસભ્ય બની શકશે,વ્યવસ્થાપક સમિતિ વખતો વખત બહુમતિથી ઠરાવ પસાર કરી સભ્ય ફી માં વધારો કે .ઘટાડો કરી શકાશે;

## ૨. વ્યાવસ્થાપક સમિતિ :-

નાયકા,નરેશ કુમાર નારસિંભાઈ

ટ્રસ્ટના હેતુઓ પરિપુર્ણ કરવા પ્રથમ સામાન્ય સભામાં વ્યસ્થાપક સમિતિની નિમણુક કરવામાં આવી છે. વ્યસ્થાપક સમિતિમાં ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી સાત અને વધુમાં વધુ ~~વીસ~~ અગીયારની રહેશે, આ સમિતિની મુદત ~~ત્રણ~~ પાંચ વર્ષની રહેશે, સામાન્યસભા દર ~~ત્રણ~~ પાંચ વર્ષે ~~વ્યવસ્થાપક સમિતિમાંથી~~ સામાન્ય સભામાંથી ટ્રસ્ટીઓની નિમણુક કરશે, જેમાંથી કોઇપણ કારણસર જેવા કે મરણ થવાથી કે રાજીનામાં આપવાથી જગ્યા ખાલી પડે અથવા તો મહત્તમ સંખ્યા મર્યાદા મુજબ વધારાના ટ્રસ્ટીઓની નિમણુક કરવાની થાય તો તેવા સમયે બાકીના ટ્રસ્ટીઓ બહુમતિ ઠરાવ પસાર કરીને તેવી ખાલી પડેલી અથવા બાકી રહેલી જગ્યા ઉપર ~~વ્યસ્થાપક સમિતિ~~ સામાન્ય સભામાંથી યોગ્ય વ્યક્તિને નિમણુંક બાકીના સમયમાટે કરશે, તે પોતાના પૈકિ ઠરાવ દ્વારા પ્રમુખ, મંત્રિ, સહમંત્રી, તથા ખજાનચી જેવા હોદ્દેદારોની નિમણુંક કરશે,

## ૩. હોદ્દેદારો

અ. પ્રમુખ :-૧વ્યવસ્થાપક સમિતિ તથા સામાન્ય સભાની મીટીંગનું અધ્યક્ષ સ્થાન પ્રમુખશ્રી સંભાળશે, બેઠકોમાં જે જે ઠરાવો થયા હોય તેનો મંત્રી દ્વારા સમયસર અમલ કરાવશે, નાણાકીય લેવડ -દેવડ અને અગત્યનાં દસ્તાવેજોમાં સહી કરશે;

Scanned with OKEN Scanner

૨. તમામ મીટીંગનો એજંડા પ્રમુખશ્રીની સહીથી કરવાનો રહેશે;

બ. <u>ઉપપ્રમુખ</u> :- પ્રમુખશ્રીને તેઓનાં કાર્યોમાં મદદ કરશે; અને તેની ગેરહાજરીમાં તેઓનાં કાર્યો કરશે;

ક. <u>મંત્રી</u> :- ૧. વ્યવસ્થાપક સમિતિ તથા સામાન્ય સભાની તમામ નોંધ રાખશે.
૨.પ્રમુખની સુચના અનુશાર ટ્રસ્ટના વહિવતને લગતિ તમામ કામગીરી કરશે

ડ. <u>સહમંત્રી</u> :- મંત્રીશ્રીની સુચના અને વહિવટ અનુસાર કાર્ય કરશે. મંત્રીશ્રીને તેમના કાર્ય માં મદદ કરશે તથા સભ્યફી ધરાવશે, તથા પ્રમુખ દ્વારા સોંપવામાં આવતી કામગીરી કરશે;

૪. <u>સામાન્ય સભા અને તેનાં કાર્યક્ષેત્ર</u> :-

સંસ્થાનાં નોંધાયેલા તમામ સભ્યોની સામાન્યસભા કહેવાશે. તે ટ્રસ્ટના તમામ સભ્યોને બે દિવસ અગાઉ સભા બોલાવવા અંગેની નોટિશ/એજંડા આપવાના રહેશે, અને તે પ્રમાણે સભાનું મળશે. સભાનું ૧/3 નું રહેશે. વાર્ષિક અહેવાલ બહાલી આપવા આવક જાવકના સરવૈયા સહિત મંજુર કરવા ઓડિટરની ઘડવા અથવા જરુરી ફેરફાર કરવા અથવા રદ કરવાનું કાર્ય તથા મુદત પુરી થયે વ્યવસ્થાપક સમિતિનિ નિમણુંક કરવાનું કાર્ય સામાન્ય સભાનું રહેશે;

૫. <u>નાણાકિય લેવેડ-દેવડ</u> :-

પ્રમુખ તથા મંત્રી અથવા કોઇપણ એક વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની સન્યુકત માહિતિ અથવા વ્યવસ્થાપક સમિતિની ઠરાવ મુજબના ટ્રસ્ટીઓની સંયુકત સહીઓથી ટ્રસ્ટની લેવડ-દેવડ કરવાની રહેશે, તથા બેંક એકાઉટ ઓઅપરેટ કરવાનું રહેશે. અથવા વ્યવસ્થાપક સમિતિ વખતો-વખત ઠરાવ દ્વારા નક્કિ કરે તે મુજબ ફેરફાર કરે શકશે. નાયકા ગરીશકુમાર નાનલાભાઇ તા.૨૦/૪/૧૦૧૪

૬. <u>હિશાબો</u> :-

ટ્રસ્ટીના હિશાબો નિઅયમાનુશાર રાખવાના રહેશે, અને દર વર્ષે વ્યવસ્થાપક સમિતિની મીટીંગમાં મંજુર કરાવી નિયમાનુસાર ઓડિટ કરાવવાના રહેશે, અને ચેરિટિ કમિશ્નરશ્રીની કચેરીએ રજુ કરવાના રહેશે.

૭. <u>હિશાબી વર્ષ</u> :-

ટ્રસ્ટનું હિશાબી વર્ષ ૧ લી એપ્રીલથી શરુ થઈ તા. ૩૧ માર્ચના રોજ પુરું થશે.

૮. <u>આવકનાં સાધનો</u> :-

આવકના સાધનોમાં સભ્યફી, દાન, ભેટ, વ્યાજ, ફંડ- ફાળો સરકારી તથા અર્ધસરકારી ગ્રાંટ, સહાય, વિદેશી સહાય પ્રવૃત્તિ આવક વિગેરે રહેશે.

૯. <u>પેટા નિયમો</u> :-

ટ્રસ્ટના હેતુ અર્થે આ બંધારની જોગવાઇઓને આધિન તથા બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની જોગવાઇઓને આધીન પેટાનિયમો વ્યવસ્થાપક સમિતિના ઠરાવ દ્વારા બનાવી શકશે અને તેવા નિયમોમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

૧૦. <u>પરતા સમિતિ</u> :-

વ્યવસ્થાપક સમિતિ ટ્રસ્ટના હેતુ માટે નિશ્ચીત કામકાજ અર્થે જરૂર જણાય તેવા સંજોગોમાં પેટા સમિતિની રચના કરી શકશે આ મુજબની પરતા સમિતિના સભ્ય ટ્રસ્ટી ગણાશે નહી.

Scanned with OKEN Scanner

મદદનીશ ચેરીટી કમિશ્નર, છોટાઉદેપુર
સત્યમેવ જયતે

૧૧. <u>વ્યવસ્થાપક સમિતિ મીટીંગ</u> :-

વ્યવસ્થાપક સમિતિ મીટીંગ દર છ માસે ઓછામાં ઓછા એક બોલાવવાની રહેશે અને તમામ વ્યવસ્થાપક સમિતિ સભ્યોને તેની જાન ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ કરવાની રહેશે. વ્યવસ્થાપક સમિતિની મિટીંગમાં પ્રમુખ દ્વારા સૂચવામાં આવતા અથવા ટ્રસ્ટના હિતમાં દેખરેખ વ્યવસ્થાપક સમિતિ કરશે. સંસ્થાનુ અંદાજપત્ર તૈયાર કરવું આવક જાવક હિસાબો તૈયાર કરવા હિસાબો ઓડીટ પાસે ઓડીટ કરાવી સમયસર ચેરીટી કમિશનરશ્રીની કચેરીમાં રજુ કરવાનું કામ વ્યવસ્થાપક સમિતિનું રહેશે.

૧૨. <u>મિનીટ બુક</u> :-

વ્યવસ્થાપક સમિતિની તથા સામાન્ય સભાની તમામ કાર્યવાહીની નોંધ મીનીટ બુકમાં પ્રમુખની સુચના મુજબ મંત્રીએ કરવાની રહેશે.

૧૩. <u>ટ્રસ્ટની મિલકતો</u> :-

ટ્રસ્ટની સ્થાવર મિલકત, જંગમ મિલકતોની જે તથા ત્યાર બાદ ઉત્તેરોત્તર વધે તે, જે કે નવી મિલકતો સંસ્થા તરફથી સંપાદન કરવામાં આવશે તે તમામ સંસ્થાની મિલકતો ગણાશે વ્યવસ્થાપક સમિતિ સંસ્થાના હેતુલક્ષી પ્રવુત્તી અર્થે જરૂર જણાયતો સંસ્થાની કે જંગમ મિલકતો શરતોને તેમજ પ્રવતમાન કાયદાની જોગવાઇઓને આધીન રહીને સંસ્થાને સ્થાવરકે જંગમ મિલકતો પર બીજો ગીરો કે લોન ( તારણ સાથે તારણ વગર ) કરીને મેળવી શકશે.

૧૪. <u>સંસ્થાની મિલકતો સંપ્રાપ્ત કરવા બાબત</u> :-

સંસ્થાની મિલકતો જેતેચાલુ હોય તે વ્યવસ્થાપક સમિતિને સંસ્થાના નામે અને તે તમામ મિલકતોની વ્યવસ્થાપક સમિતિ આ મેમોરેંડરમ તથા ધારાધોરણે આધીન રહીને કરશે.

૧૫. <u>કર્મચારીની નિયુક્ત કરવાની સત્તા</u> :-

વ્યવસ્થાપક સમિતિ ના હેતુલક્ષી કામકાજ અર્થે કર્મચારીઓની નિમણુક કરી શકશે અને આવા કર્મચારીઓના વેતન, માંડ વેતનની ચુકવણી તેઓની નિમણુક શરતોને આધીન રહીને કરવામાં આવશે, તથા સંસ્થાના હિતમાં ટ્રસ્ટી મંડલ ત્રંણ દ્વારા આવા કર્મચારીઓને છુટા કરી શકશે, અને કર્મચારીઓની નિમણુક શરતોમા ફેરફાર કરી શકશે.

૧૬. <u>આ મેમોરેંડમ ઓફ એશોસીએન્સમાં ફેરફાર કરવા અંગે</u> :-

જ્યારે જ્યારે દસ્તાવેજમાં ફેરફાર કરવાનું કે સુધારા કરવાનુ જણાય ત્યારે તેવા સમયે ટ્રસ્ટીઓની બહુમતી થી લિખિત ઠરાવ દ્વારા આવા સુધારા વધારા કે ફેરફાર કરી શકશે.જેતે વખતના કાયદાને આધીન રહીને આવો ફેરફાર કરી શકશે.

૧૭. <u>સંસ્થાના વિસર્જન બાબત :-</u>

આ સંસ્થા ચલવી શકાય તેવી સ્થિતિમાં ન હોય તો ભવિષ્યમાં બંધ કરવી પડે તેવી સ્થિતિમાં હોય તો તમામ લેવડ દેવડ અને હિસાબો કરી નિયમાનુસારની તમામ પુત્રતા કરી એકસમાન હેતુઓ ધરાવતી સંસ્થાને તમામ મિલકત સુપ્રત કરવાની રહેશે. સ્થાવર કે જંગમ મિલકતો અંદરો અંદર વહેચી લઇ બંધ કરી શકાશે નહી. ઉપરોક્ત તમામ કામગીરી ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ ના જે તે વખતના કાયદાને આધીન રહીને કરવામાં આવશે. આથી અમો સદર સંસ્થાને ટ્રસ્ટને રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૦, તથા ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ મુજબ નોધવવા માંગીએ છીએ તે નીચે મુજબ ની સહીઓ કરીએ છીએ.

Scanned with OKEN Scanner

આથી અમો સદર ટ્રસ્ટને રજિસ્ટ્રેશન એકટ ૧૮૫૦ મુજબ નોંધાવવા માંગીએ છીએ, જેમા નીચે મુજબની સહીઓ કરીએ છીએ.

| અ.નં. | નામ | સહીઓ |
|---|---|---|
| ૧ | શ્રી ગીરીશકુમાર નાનકાભાઇ નાયકા | નાયકા ગીરીશકુમાર નાનકાભાઇ |
| ૨ | શ્રી શકાભાઇ નાયકાભાઇ રાઠવા | L.T.I. of શકાભાઇ નાયકાભાઇ રાઠવા |
| ૩ | શ્રી કંચનભાઇ ભીખાભાઇ રાઠવા | કંચન ભાઇ ભીખાભાઇ |
| ૪ | શ્રી અજયકુમાર રમેશભાઇ નાયકા | અજય. આર. એન |
| ૫ | શ્રીમતિ સુમાબેન ગીરીશકુમાર નાયક | સુમાબેન |
| ૬ | શ્રીમતિ જશીબેન ચીમાભાઇ નાયકા | R.T.I. of જશીબેન ચીમાભાઇ નાયકા |
| ૭ | શ્રી ફુલીયાભાઇ દેસીંગભાઇ રાઠવા | L.T.I. of ફુલીયાભાઇ દેસીંગભાઇ રાઠવા |
| ૮ | શ્રી દિનેશભાઇ રામસીંગભાઇ નાયકા | ડી આર. નાયક |
| ૯ | શ્રીમતિ સોનલબેન બાબુભાઇ નાયકા | સોનલ. બી. એન |
| ૧૦. | શ્રીમતિ માહલીબેન ફુલીયાભાઇ રાઠવા | |
| ૧૧. | શ્રીમતિ અમિતાબેન વજેસીંગભાઇ નાયક | અમીતા. બી. એન / R.T.I. of અમિતાબેન વજેસીંગભાઇ નાયકા |

તા:- ૭ / ૩ /૨૦૧૮

સ્થળ:- ભરકુંડા

મદદનીશ ચેરીટી કમિશ્નર, છોટાઉદેપુર પ્રદેશ, છોટાઉદેપુર. સત્યમેવ જયતે

આથી દાખલો આપવામા આવે છે કે
આ પ્રમાણિત નકલ છે.

અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી,
છોટાઉદેપુર પ્રદેશ, છોટાઉદેપુર.

Scanned with OKEN Scanner